એક લગ્ન નોંધણી દીઠ 2500 રૂપિયા વસૂલતા હતા

જાંબુઘોડાના કણજીપાણીમાં ૨૦૦૦ લગ્ન નોંધણી કરી 50 લાખ કમાનાર તલાટી અર્જુન મેઘવાલ સસ્પેન્ડ

તલાટીની કબૂલાતવાળા વાયરલ વિડીયોને અત્યંત ગંભીરતાથી લઈ પંચમહાલ જિલ્લા વિકાસ અધિકારી (DDO) એ ત્વરિત કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) ગોધરા,તા.5

પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાનું અંતરિયાળ કણજીપાણી ગામ હાલ સમગ્ર રાજ્યમાં ચર્ચાના ચકડોળે ચઢ્યું છે. અહીં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી અર્જુન મેઘવાલનો એક વિવાદાસ્પદ વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વહીવટી તંત્ર હરકતમાં આવ્યું હતું, જેને પગલે પંચમહાલ જિલ્લા વિકાસ અધિકારીએ તાત્કાલિક અસરથી તલાટીને ફરજ પરથી મોકૂફ કરી દેવાનો આદેશ કર્યો છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ ચોંકાવનારા વિડીયોમાં તલાટી અર્જુન મેઘવાલ ખુલ્લેઆમ સ્વીકારતા નજરે પડ્યા હતા કે તેમણે માત્ર એક જ વર્ષના ટૂંકા ગાળામાં ૨૦૦૦ જેટલા લગ્નની નોંધણી કરી છે. આ વિડીયોમાં તેઓ એવો દાવો કરતા સંભળાયા હતા કે તેઓ એક લગ્ન નોંધણી દીઠ ૨૫૦૦ રૂપિયા વસૂલતા હતા અને આ પ્રકારે તેમણે કુલ ૫૦ લાખ રૂપિયાની જંગી કમાણી કરી લીધી છે. એટલું જ નહીં આ ગેરકાયદેસર કમાણીમાંથી તેમણે રાજસ્થાનમાં જમીન ખરીદી હોવાની બડાશ પણ આ વિડીયોમાં મારી હતી.

આ સમગ્ર પ્રકરણ ત્યારે વધુ ગંભીર બન્યું જ્યારે સરદાર પટેલ ગ્રુપ (SPG) ના અધ્યક્ષ લાલજી પટેલે મીડિયા સમક્ષ આવીને આ અંગે ગંભીર આક્ષેપો કર્યા હતા. લાલજી પટેલે જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાંથી યુવક-યુવતીઓ ભાગીને લગ્ન કરવા માટે ખાસ પંચમહાલના આ કણજીપાણી ગામે આવે છે. તેમના આક્ષેપ મુજબ, અહીંના તલાટી દ્વારા નિયમો નેવે મૂકીને અને પૈસા લઈને આડેધડ ખોટી રીતે લગ્ન નોંધણી કરી આપવામાં આવતી હતી, જેને કારણે સામાજિક પ્રશ્નો ઉભા થઈ રહ્યા હતા.

મીડિયા અહેવાલો અને તલાટીની કબૂલાતવાળા વાયરલ વિડીયોને અત્યંત ગંભીરતાથી લઈ પંચમહાલ જિલ્લા વિકાસ અધિકારી (DDO) એ ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક દ્રષ્ટિએ તલાટી અર્જુન મેઘવાલની ગંભીર બેદરકારી અને ભ્રષ્ટાચાર જણાતા તેમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને સમગ્ર મામલે ઝીણવટભરી તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આ ઘટનાએ પંચમહાલ જિલ્લાના વહીવટી આલમમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે.

પોલીસવડા વિકાસ સહાયે વડોદરા કચેરીની મુલાકાત લીધી

શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ વડોદરા રેન્જના 7 PI અને 6 PSIનું સન્માન

રાજ્ય પોલીસ વડા દ્વારા રાત્રિના સમયે સંવેદનશીલ વિસ્તારોમાં એરિયલ પેટ્રોલિંગ કરવા સાથે કોર પોલિસિંગ કરવા સૂચન કરાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.5

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે વડોદરા રેન્જ આઈજી કચેરીની વાર્ષિક ઈન્સ્પેક્શનને લઈ મુલાકાત લીધી હતી. ત્યારબાદ પોલીસ વડા સાથે બેઠક યોજી હતી અને

તેમની વાર્ષિક કામગીરીની સમીક્ષા પણ કરી હતી. આ ઉપરાંત ડીજીપી દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં રાત્રિના સમયે પેટ્રોલિંગ સઘન બનાવવા સાથે કોર પોલિસિંગ કરવા માટે અધિકારીઓને સૂચનો પણ કરવામાં આવ્યા હતા. વડોદરા રેન્જમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર 7 પીઆઈ અને છ પીએસઆઇ મળી 13ને ડીજીપીએ પ્રશસ્તિપત્ર પત્ર આપી સન્માનિત કર્યા છે.

ગુજરાત રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે વાર્ષિક ઈન્સ્પેક્શનને લઈ વડોદરા રેન્જ આઈજીની કચેરીની મુલાકાત કરી હતી. ત્યારબાદ રેન્જ વિસ્તાર હેઠળ આવતા ચાર જિલ્લામાં વર્ષ દરમિયાન પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલી કામગીરી અને વર્ષમાં નોંધાયેલા ગુના તેમજ ડિટેક્ટ થયેલા ગુના સહિતની માહિતી એકત્ર કરવા સાથે મંગાવી પણ હતી. તેમાં પણ સૌપ્રથમ વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ગુજસીટોકના ગુનાઓ તેમજ ડભોઈ તાલુકામાં બનેલા ડિજિટલ અરેસ્ટના ગુનાની વિગતો પહેલા મંગાવી હતી. જૂની કલેક્ટર કચેરીના ધારાસભા હોલમાં યોજાયેલી સમીક્ષા બેઠક દરમિયાન ડ્રોન સર્વેલન્સનો વધુ ઉપયોગ કરવા સાથે રાજ્ય પોલીસ વડા દ્વારા રાત્રિના સમયે સંવેદનશીલ વિસ્તારોમાં એરિયલ પેટ્રોલિંગ કરવા સાથે કોર પોલિસિંગ કરવા સૂચન કરાયું હતું. રાજ્ય પોલીસ વડાએ વડોદરા રેન્જ કચેરી સાથે જિલ્લામાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ પીઆઈ અને પીએસઆઈનું સન્માન કરી પ્રોત્સાહિત કરાયા હતા અને ડીજીપીએ રેન્જ વિસ્તારના ચાર જિલ્લામાં શ્રેષ્ઠ કામગીરી બદલ 7 પીઆઈ અને 6 પીએસઆઈને પ્રશસ્તિપત્ર અને ઇનામ એનાયત કર્યા હતા. આ પ્રસંગે આઈ.જી. શેખ સહિત આઈ જી સંદીપ સિંગ, ભરૂચના એસપી , વડોદરા ગ્રામ્ય એસપી સુશીલ અગ્રવાલ , નર્મદા જિલ્લા એસપી વિશાખા ડબરાય અને છોટાઉદેપુર જિલ્લાના એસપી પણ ઉપસ્થિત રહ્યા હતા.

સન્માનિત કરાયેલા અધિકારીઓના નામ

જી.વી.ગોહીલ, પો.ઇન્સ ક્રાઇમ ટેબલ 01 વડોદરા વિભાગ, વડોદરા
એન.એન.દેસાઈ, પો.ઇન્સ ક્રાઇમ ટેબલ - 02 વડોદરા વિભાગ, વડોદરા
એમ.એફ.ડામોર, પોલીસ ઇન્સ્પેક્ટર, એલ.સી.બી.છોટાઉદેપુર
આર.જી.ચૌધરી, પોલીસ ઇન્સ્પેક્ટર, એલ.સી.બી નર્મદા
વી.જી.લાંબરીયા, પો.ઇન્સ રીડર શાખા વડોદરા ગ્રામ્ય
એ.કે.ભરવાડ, પો.ઇન્સ કરજણ વડોદરા ગ્રામ્ય
પી.જી.ચાવડા, પોલીસ ઇન્સ્પેક્ટર, અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસ સ્ટેશન
ડી.કે. પંડયા, પોલીસ સબ ઇન્સ્પેક્ટર, કરાલી પોલીસ સ્ટેશન છોટાઉદેપુર
એ.ડી.ચૌહાણ, પોલીસ સબ ઇન્સ્પેક્ટર,જીલ્લા ટ્રાફીક, છોટાઉદેપુર.
વી.એન.ચાવડા, પોલીસ સબ ઇન્સ્પેક્ટર, બોડેલી પોલીસ સ્ટેશન છોટાઉદેપુર
સી.ડી.પટેલ, પોલીસ સબ ઇન્સ્પેક્ટર, એસ.ઓ.જી.નર્મદા
પી.કે.ભુત, પો.સ.ઇ એલ.સી.બી વડોદરા ગ્રામ્ય
આર.એસ. ચાવડા, પોલીસ સબ ઇન્સ્પેક્ટર, પેરોલ ફર્લો સ્કવોડ, ભરૂચ

શિક્ષણ સેવા વર્ગ-2 ની ભરતીની મુદતમાં વધારો કરવાની માંગ

128 ખાલી જગ્યાઓ માટેની જાહેરાત અને 13 ડિસેમ્બર સુધી ફોર્મ ભરી શકાશે

વર્ષ 2021માં ભરતી થયેલા 1236 સરકારી શિક્ષકોને જગ્યા માટે પાંચ વર્ષના અનુભવમાં 25 દિવસો ખૂટતા રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

જીપીએસસી દ્વારા હાલમાં શિક્ષણ સેવા વર્ગ-2 ની ભરતી બહાર પાડવામાં આવી છે. આ ભરતીમાં શિક્ષક તરીકેનો પાંચ વર્ષનો અનુભવ માંગવામાં આવ્યો છે. ત્યારે રાજ્યની સરકારી સ્કૂલમાં વર્ષ 2021 માં ભરતી કરાયેલા 1,236 શિક્ષકોને ફોર્મ ભરવા માટે પાંચ વર્ષના અનુભવમાં માત્ર 25 દિવસ ખૂટે છે. આમ ગણતરીના દિવસો માટે 1236 ઉમેદવારો જીપીએસસી ના ફોર્મ ભરવાથી વંચિત રહેવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. ત્યારે ફોર્મ ભરવાની મુદત એક મહિનો લંબાવવા માટે શિક્ષકો દ્વારા માંગણી કરવામાં આવી છે.

શિક્ષણ વિભાગની જીપીએસસી દ્વારા શિક્ષણ સેવા વર્ગ-2 ની 128 જગ્યાઓ માટે જાહેરાત આપવામાં આવી છે. આગામી 13 મી ડિસેમ્બર સુધી ફોર્મ ભરી શકાશે. જોકે આ જગ્યાઓ માટે ઉમેદવારી કરવા માટે શિક્ષક તરીકેનો પાંચ વર્ષનો અનુભવ ફરજિયાત કરવામાં આવ્યો છે. ત્યારે હાલમાં જે સરકારી સ્કૂલોમાં ફરજ બજાવતા અને વર્ષ 2021 માં ભરતી થયેલા 1,236 જેટલા શિક્ષકોને પાંચ વર્ષ પૂરા થવામાં હજી 25 દિવસ ઘટી રહ્યા છે આ શિક્ષકોને તારીખ સાતમી જાન્યુઆરી 2021 ના રોજ નિમણૂક અપાય હતી આમ 7 મી જાન્યુઆરી 2026 ના રોજ પાંચ વર્ષ પૂરા થઈ રહ્યા છે. પાંચ વર્ષ પૂરા થાય તે પહેલા જ જીપીએસસી ના ફોર્મ ભરવાની મુદત 13મી ડિસેમ્બરે પૂર્ણ થઈ રહી છે. હાલમાં જુદા જુદા જિલ્લાઓમાં ફરજ બજાવતા શિક્ષકો દ્વારા શિક્ષણ મંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે કે, ફોર્મ ભરવાની મુદત એક માસ લંબાવવામાં આવે તો આ તમામ શિક્ષકો વહીવટી જગ્યાઓ માટે ફોર્મ ભરવા માટે લાયક બની શકે તેમ છે. જોકે આમ ન થાય તો ગણતરીના દિવસો માટે પાંચ વર્ષનો અનુભવ પૂરો થતો નહીં હોવાથી મોટી સંખ્યામાં ઉમેદવારોએ મહત્વની તક ગુમાવી પડે તેવી શક્યતાને પણ નકારી શકાય તેમ નથી.

વિદ્યાધામમાં ભણવા આવતી વિદ્યાર્થિનીઓની સુરક્ષાને લઈ સવાલો ઊઠ્યા

MSUની આર્ટસ ફેકલ્ટીમાં બહારના અસામાજિક તત્વોનો જમાવડો, વિદ્યાર્થીઓ સંગઠન દ્વારા રજૂઆત

વિદ્યાર્થીઓને પોતાનું વ્હીકલ અંદર લઈ જવાની મનાઈ હોવા છતાં સિક્યોરિટી ગાર્ડને ધાક ધમકી બતાવીને વ્હીકલ અંદર લઈ જવામાં આવે છે

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

સરસ્વતી ધામમાં ફરીથી ઓસામાજિક તત્વોનોની એન્ટ્રીથી વિદ્યાર્થીનીઓની સુરક્ષાને લઈને સવાલો ઉઠ્યા છે. એમ.એસ યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીમાં બહારથી કેટલાક તત્વો આવીને પોતાનો અડિંગો જમાવી રોફ ઝાડી રહ્યા હોઈ વિદ્યાર્થી સંગઠન દ્વારા ફેકલ્ટી ડીનને રજૂઆત કરવામાં આવી હતી.

મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીમાં નબળી સુરક્ષા વ્યવસ્થા સામે ફરી સવાલો ઉઠવા છે. વધુ એક વખત બહારના તત્વોનો યુનિવર્સીટીમાં પગપેસારો થયો હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. જે સંદર્ભે વિદ્યાર્થી નેતા નિખિલ સોલંકી, આર્ટ્સ ફેકલ્ટિ સ્ટુડન્ટ લીડર હર્ષ કહાર તથા યસ ગ્રુપ દ્વારા આર્ટ્સ ફેકલ્ટિના ડીન રજૂઆત કરવામાં આવી હતી. નિખિલ સોલંકીએ જણાવ્યું હતું કે, ઘણા કેટલાય સમયથી આર્ટ્સ ફેકલ્ટીની અંદર બહારના અસામાજિક તત્વો આવી ને ન્યૂયસન્સ ફેલાવી રહ્યા છે. જેના કારણે વિદ્યાર્થીઓને ખૂબ મુશ્કેલી થાય છે. આર્ટસ ફેકલ્ટીમાં આવેલી કેન્ટીનની બહાર આડેધડ પાર્કિંગ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને પોતાનું વ્હીકલ અંદર લઈ જવાની મનાઈ હોવા છતાં સિક્યોરિટી ગાર્ડને ધાક ધમકી બતાવીને વ્હીકલ અંદર લઈ જવામાં આવે છે. સિક્યોરિટી દ્વારા કોઈ પગલાં લેવામાં આવતા નથી. થોડા દિવસ પહેલા પણ આર્ટસ ફેકલ્ટીમાં બહારના ઈસમોએ આવીને બહારના લોકો દ્વારા મારામારી કરવામાં આવી હતી, ઉપરથી બહારની તરફ કેમરા પણ ચાલતા નથી. આવી પરિસ્થિતિને ધ્યાનમાં લેતા વિદ્યાર્થીઓ ભયના મોહાલમાં હોય તેવું લાગી આવે છે, માટે યસ ગ્રુપ દ્વારા રજૂઆત કરવામાં આવી કે , તાત્કાલિક ધોરણે જલ્દીથી જલ્દી કોઈ પગલાં લેવામાં આવે અને આઈડી કાર્ડનું ચેકિંગ કરવામાં આવે સાથે જો સિક્યોરિટીથી કોઈને રોકવામા ના આવે તો પોલીસ બંદોબસ્તની પણ માંગ કરવામાં આવી છે.

નાની નાની બાબતો ઝઘડા કરીને પત્નીની પતિ દ્વારા મારઝૂડ કરાતી હતી

'મકાનમાં માટે તારા પિતાના ઘરે રૂ.5 લાખ લઈ આવ' કહી પરીણીતાને ત્રાસ આપતા સાસરીયા

કંટાળી ગયેલા પરીણીતાએ આખરે પતિ સહિતના સાસરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.5

ગોરવા કરોડિયા વિસ્તારમાં રહેતી પરીણીતાને તેના પતિ સહિતના સાસરીયા દ્વારા મકાન લેવા માટે તારા પિતાના ઘરેથી રૂપિયા 5 લાખ લઈ આવી તેમ કહી તેની મારઝૂડ કરીને શારીરિક માનસિક ત્રાસ ગુજારતા હતા. જેથી કંટાળી ગયેલી પરીણીતાએ આખરે પત સહિતના સાસરીયા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોધાવી છે.

વડોદરા શહેરના કરોડીયા રોડ પર આવેલા નિપા ટેનામેન્ટમાં રહેતા જ્યોતિકાબેન વાળાએ નોધાવેલી ફરિયાદ મુજબ તેમના સમાજના રિત રીવાજ મુજબ નિતીનકુમાર વાળા સાથે થયા હતા. પરંતુ લગ્નના થોડા દિવસમાં પતિ સહિતના સાસરીયાનું પોતપ્રકાશનું અને પરીણીતા પર ત્રાસ ગુજારવાનું શરૂ કર્યુ હતું. ઘરમાં કોઈને કોઈ નાની નાની બાબતોમાં પતિ સહિતના સાસરીયા પરણીતાને મ્હેણા ટોણા મારી ઝઘડો કરતો હતો ત્યારબાદ હેરાન પરેશાન કરતા હતા. ઉપરાંત પરીણીતાને તુ પિતાના ઘરેથી દહેજમાં કાઈ લાવી નથી. જેથી તેને સાથે ઝઘડો કર્યા બાદ મારમારીને મકાન ખરીદવા માટે તારા પિતાજીના ઘરેથી રૂપિયા 5 લાખ લઈ આવી તેવી માગણી કરી શારીરિક માનસિક ત્રાસ ગુજારતા હતા અને મારઝૂ પણ કરતા હતા. પરંતુ પરીણીતા ઘરે સંસાર માંડવો હોય ત્રાસ મુંગા મોઢે સહન કરતી હતી. જેથી ગોરવા પોલીસે પરીણીતાની ફરિયાદના આધારે ગુનો નોંધી પતિ નિતીન વાળા, જશોદાબેન વાળા, પદમા રાઠો, પારૂલબેન મેવાડા તથા સવિતા મકવણા સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

યુવકને આપેલા રૂ. 3 લાખ સામે વધુ રકમ વસૂલી છતાં પઠાણી ઉઘરાણી કરતા વ્યાજખોર

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા શહેરના આજવા રોડ પર શ્રીહરિ ટાઉનશીપ પાસે આવેલા અંબિકા દર્શન કોમ્પલેક્ષમાં રહેતા દિપક શીવાજીવ વાઘ ભાડાના મકાનમાં પરીવાર સાથે રહે છે. આમોદર ખાતે આવેલી ન્યુ વાઘોડીયા રોડ વન સ્ટોપ સલુનમાં સલૂનના કારીગર તરીકે નોકરી કરે છે. અગાઉ પરફેક્ટ સલૂનમાં નોકરી કરતો હતો ત્યારે વર્ષ 2019માં તેમની પુત્ર મનન વાઘ તબિયત બગડતા તેને સારવાર માટે રૂપીયાની જરૂર પડી હતી. ત્યારે પફેક્ટ કટ શોપના માલિક પ્રફુલસંભાજી પાટીલ, રોમા પાટીલ તથા આકાશ પાટીલ (રહે.શ્રીનમ એન્ટીકા દંતેશ્વર વડોદરા)ને વાત કરી હતી ત્યારે પ્રફુલ સંભાજી પાટીલે દિપક વાઘને ઉપાડ પેટે રૂપિયા 3 લાખ વ્યાજે આપ્યાં હતા. જેનું દર મહિને તેઓ વ્યાજે ચૂકવી દેતા હતા. દરમિયાન યુવક પાસેથી ત્રણ જણ વ્યાજખોરો દ્વારા વ્યાજ તથા મુદ્દલ પટેલે ઘણી મોટી રકમ વસૂલ કરી લેવામાં આવી હતી. તેમ છતા આરોપી પ્રફુલ સંભાજી પાટીલ,આકાશ સંભાજી પાટીલ રોમા પ્રફુલ પાટીલ વિરુદ્ધ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વડોદરા જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

વડોદરા : વડોદારા જિલ્લાના અરજદારોની રજૂઆતોના સરળ નિરાકરણ અર્થે મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ હેઠળનો "સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" તા. ૨૪/૧૨/૨૦૨૫ ને ચોથા ગુરૂવારે સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે. જેથી સંબંધિત નાગરિકોએ તેઓના (સેવાકીય, કોર્ટમેટર, રહેમરાહે નોકરી, પેન્શન સિવાયના) પ્રશ્નો લેખિતમાં તા. ૧૦/૧૨/૨૦૨૫ સુધીમાં રૂબરૂમાં રજૂ કરવાના રહેશે. અરજી ઉપર 'જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' ના મથાળા હેઠળ એવુ સ્પષ્ટ દર્શાવવું. તા. ૧૦ ડિસે. સુધીમાં મળેલી અરજીઓનો જ ચાલુ માસના સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરાશે.

આધાર હાઉસિંગ ફાયનાન્સ લિ.

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફીસઃ યુનિટ નં. 802, નટરાજ રૂસ્તોમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ વી રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-400069.
ગોધરા શાખાઃ ઓફીસ નં. 3, પ્રથમ માળ, શ્રી સ્વામિનારાયણ એવેન્યુ, બમરોલી રોડ, ગોધરા, પંચમહલ, ગુજરાત - 389001 (ગુજરાત).

એપેન્ડીક્સ-IV કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

નીચે સહી કરનાર સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002 હેઠળ આધાર હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડના (AHFL) અધિકૃત અધિકારી છે, અને કલમ 13 (12) ને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં ઉલ્લેખીત ઋણ લેનારાઓ- ગારન્ટર્સને ડિમાન્ડ નોટીસ જારી કરી હતી જેમાં તેમને નોટીસમાં ઉલ્લેખીત બાકી નીકળતી રકમ વ્યાજ સહિત તે નોટીસ મળ્યાના 60 દિવસમાં ચુકવવા કહેવાયું હતું. ઋણ લેનાર તે રકમ પરત કરવામાં નિષ્ફળ ગયા હતાં આ કારણથી ઋણ લેનારાઓ-ગારન્ટર્સ અને સામાન્ય જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે ઉપરોક્ત કાયદાની કલમ 13 (4)ને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 8 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી નીચે ઉલ્લેખીત મિલ્કતોનો કબ્જો મેળવ્યો છે.
ઋણ લેનારાઓનું ધ્યાન મિલ્કત ફરીથી મેળવવા માટે સમયની ઉપલબ્ધતા અંગે ઉપરોક્ત કાયદાની કલમ 13ની પેટા કલમ (8) પર દોરવામાં આવે છે. ખાસ કરીને અહીં ઉલ્લેખીત ઋણ લેનારા અને સામાન્ય જનતાને અહીં ચેતવણી આપવામાં છે કે અહીં ઉલ્લેખીત મિલ્કત સાથે કોઈ સોદો ન કરે અને આ મિલ્કત સાથે કોઈ પણ સોદો અહીં ઉલ્લેખીત રકમ સાથે તેના પર વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે AHFLના આધીન રહેશે.

ક્રમ નં.	ઋણ લેનાર-સહ ઋણ લેનારનું નામ-શાખાનું નામ	સિક્યોર્ડ મિલકતની વિગત (સ્થાવર મિલકત)	ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ	કબજાની તારીખ
1	(લોન કોડ નં. 17610000229/ ગોધરા શાખા) સંજયકુમાર અગ્રવાલ (ઋણ લેનાર) પ્રિયાબેન અગ્રવાલ (સહ-ઋણ લેનાર)	સ્થાવર મિલકતના તમામ ભાગ, 307, ત્રીજો માળ, મ્યુનિસિપલ હાઉસ નં. 116/એ/21 ચુલસી બિલ્ડીંગ દાહોદ રોડ, દેવગઢ બારિયા, દાહોદ, ગુજરાત-389380. સીમાઓઃ પૂર્વઃ આ આર એસ પૈકી જમીન પર કોમન રોડ, પશ્ચિમઃ આ આર એસ પૈકી જમીન પર કોમન રોડ, ઉત્તરઃ આ આર એસ પૈકી જમીન પર કોમન રોડ, દક્ષિણઃ ફ્લેટ નં. 6 કોમન દીવાલ સાથે.	09-09-2025 & ₹ 8,06,373/-	03-12-2025
2	(લોન કોડ નં. 17610000185/ ગોધરા શાખા) કિરણસિંહ બલવંતસિંહ ખેર (ઋણ લેનાર) વર્ષાબેન કિરણસિંહ ખેર (સહ-ઋણ લેનાર)	સ્થાવર મિલકતના તમામ ભાગ, જી.એફ. અને એફ.એફ. હાઉસ નં. 41, મંદિરવાળુ ફળિયુ, અડાદરાથી દાંતોલ રોડ, દાંતોલ, પંચમહેલ, ગુજરાત-389341. સીમોઃ પૂર્વઃ વિરેન્દ્રસિંહ પર્વિણસિંહનું ઘર, પશ્ચિમઃ જિવતસિંહ ભરતસિંહનું ઘર, ઉત્તરઃ ખુલ્લી જમીન, દક્ષિણઃ પબ્લિક આરઆરસી રોડ.	11-08-2025 & ₹ 3,62,790/-	03-12-2025

સ્થળઃ ગુજરાત
તારીખઃ 06-12-2025
અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ

AXIS BANK LIMITED

ગીરે મૂકાયેલા સોનાના ઘરેણા માટે હરાજીની જાહેર નોટિસ

ઋણ લેનારાઓને અને સામાન્ય રીતે જાહેર જનતાને અત્રે સૂચિત કરવામાં આવે છે કે એક્સિસ બેંક દ્વારા નીચેના ખાતાઓમાં ગીરવે મુકવામાં આવેલા સોનાના દાગીનાની જાહેર હરાજી નીચે દર્શાવેલ શાખામાં હાથ ધરવાની દરખાસ્ત કરવામાં આવી છે.
નીચે દર્શાવેલ ઉધાર લેનારાઓએ એક્સિસ બેંક લિમિટેડ પાસેથી સિક્યોરિટી માટે બેંકની તરફેણમાં સોનાના દાગીના ('ગોલ્ડ લોન ફેસિલિટી') ગીરવે મુકીને કેડિટ સુવિધાનો લાભ લીધો છે. લોન લેનારાઓ/ગારન્ટર્સને ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી હતી અને લોન લેનારાઓ/ગારન્ટર્સને ગોલ્ડ લોનની સુવિધા માટે તેમની બાકી રકમ ચૂકવવા કહેવાયું હતું. ઋણ લેનારા/ગારન્ટર્સ બાકી લોનની રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, બેંકે અહીં પ્રોપર્ટીના શેડ્યૂલમાં વધુ ખાસ રીતે વર્ણવેલ ગીરવે મૂકેલા સોનાના દાગીનાના ઈ-ઓક્શન વેચાણ કરવાની દરખાસ્ત કરી છે જે 16-12-2025ના રોજ, બપોરે 12.30થી બપોરે 3.30 વાગ્યા સુધી 'એઝ ઈન વ્હેર ઈઝ', 'એઝ ઈઝ વ્હોટ ઈઝ', 'વોટેવર ધેઅર ઈઝ' અને 'નો રિકોર્સ બેસીસ' પર કરાશે.

ઋણ લેનારાઓ અને બાકી નીકળતી રકમની વિગતોઃ

ગ્રાહકનું નામ	લોન એકાઉન્ટ નંબર	બાકી નીકળતી રકમ (રૂ.)	રિકોલ નોટિસની તારીખ	કુલ વજન	શુદ્ધ વજન
બ્રાન્ચનું નામઃ અલીપુરા, બોડેલી વડ (જીજે)					
બારિયા સંદીપ કુમાર	XXXXXXXXXXX2894	48509	16-11-2025	8.500	8.200
પરમાર રચિનાકુમારી માખનસિંહ	XXXXXXXXXXX5090	134003	27-10-2025	22.000	20.400
શાખાનું નામ ડભોઇ (જીજે)					
પાટણવાડિયા સરોજ અમિતકુમાર	XXXXXXXXXXX6660	73684	27-10-2025	11.600	11.100
શાખાનું નામઃ દેવગઢ બારિયા (જીજે)					
બારિયા દિનેશભાઇ	XXXXXXXXXXX6770	126939	06-11-2025	19.840	19.220
શાખાનું નામઃ ગોરવા (જીજે)					
કુશવાહ શિવમ સિંગ	XXXXXXXXXXX2773	140261	27-10-2025	23.270	21.870
શાખાનું નામઃ કારેલી બાગ, વડોદરા (જીજે)					
જયશ્રીબેન સોદાગર	XXXXXXXXXXX1885	64278	06-11-2025	14.600	14.000
શાખાનું નામઃ નિઝામપુરા, વડોદરા (જીજે)					
ભરવાડ જોરુભાઇ	XXXXXXXXXXX4114	86210	27-10-2025	14.600	14.000
શાખાનું નામઃ વાઘોડીયા રોડ, (જીજે)					
ઠાકોર ઇન્દ્રસિંહ ચંદ્રસિંહ	XXXXXXXXXXX7945	44875	16-06-2025	9.370	8.870

એક્સિસ બેન્ક લિ.ને આગળથી નોટિસ આપ્યા વગર ખાતા હટાવવાનો-હરાજીની તારીખ બદલવાનો હક છે. હરાજી ઓનલાઈન કરાશે જે બપોરે 12.30થી બપોરે 3.30ની વચ્ચે https://egold.auctiontiger.net પર કરાશે.
વિગતવાર નિયમો અને શરતો જાણવા https://egold.auctiontiger.net વેબસાઈટ પર જવું.
સ્થળઃ ગુજરાત
અધિકૃત અધિકારી - એક્સિસ બેન્ક લિ.

(એપેન્ડીક્સ - IV-A) (નિયમ 8 (6)ને 9 (1) સાથે વાંચતા જોગવાઈ જુઓ)

હરાજી વેચાણ નોટિસ

એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

સીઆઈએનઃ U67100MH2007PLC174759
રજિસ્ટર્ડ ઓફિસઃ એડલવાઈસ હાઉસ, પહેલો માળ, ઓફ સીએસટી રોડ, કાલિના, મુંબઈ-400098.

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટ્રસ્ટ એક્ટ, 2002 (SARFAESI એક્ટ, 2002) ને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના (નિયમ) નિયમ 8 (6) અને 9 (1)ની જોગવાઈઓ સાથે વાંચતા ગીરે મૂકાયેલી સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજીની વેચાણ નોટિસ
નીચે દર્શાવેલ વિવિધ વેચાણ સંસ્થાઓની નાણાકીય સુવિધાઓ (હવે પછી 'અસાઈનર' તરીકે ઓળખવામાં આવશે) એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને તેની ક્ષમતામાં વિવિધ ટ્રસ્ટીઓના ટ્રસ્ટીઓ તરીકે અસાઈન કરવામાં આવી છે જે પૂરી પાડવામાં આવેલ કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત છે. આ અસાઇનમેન્ટના અનુસંધાનમાં, EARC એ અસાઇનરના રૂપમાં સુરક્ષિત લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો. તે EARC, સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં, SARFAESI એક્ટના 13(4) અને તેના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સિક્યોર્ડ મિલ્કતનો કબજો લીધો હતો.
15/30 દિવસની નોટિસ આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને ઋણ લેનાર, સહ-ઉધાર લેનાર અને બાંયધરી આપનાર(ઓ)ને આપવામાં આવે છે કે નીચે વર્